# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૫૪ તા. ૨૬-૩-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- સ્કાઉટ ગાઈડની વાર્ષિક પરીક્ષા બાબત.**

આથી તમામ મ્યુનિ. પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે સ્કાઉટ-ગાઈડ, કબ-બુલબુલ વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા તા.૩૧-૩-૧૮ના રોજ લેવાનાર છે. તો આપની શાળાના ટ્રુપ ચલાવનાર સ્કાઉટર-ગાઈડર તથા કબ-માસ્ટર અને ફલોક લીડરને તેની જાણ કરશો. મૌખિક પરીક્ષા તા.૩૧-૩-૨૦૧૮ પહેલા અનુકુળતા મુજબ ગોઠવવી. લેખિત પરીક્ષાના પ્રશ્નપત્રો પોતાના આસિ.ઓર્ગે. કમિશનર પાસેથી તા.૨૮-૩-૨૦૧૮ ના રોજ ૧૧-૦૦ થી ૪-૦૦ દરમ્યાન પોતાના ઝોનમાંથી એકત્રિત કરવાના રહેશે. પ્રશ્નપત્રના પેકેટ સાથે પરિણામપત્રક તથા ટ્રુપ ચલાવનાર શિક્ષકોની માહિતીનું પત્રક સામેલ છે. પરિણામપત્રક તા.૨૮-૪-૨૦૧૮ને શનિવારના રોજ ૧૦-૦૦ થી ૪-૦૦ દરમ્યાન સ્કાઉટભવન, પાલડી ખાતે ચેક કરાવવાનું રહેશે.

પરિણામપત્રક ચેક કરાવવા આવો ત્યારે (૧) પરિણામપત્રક (૨) સને ૨૦૧૭-૧૮ના સ્કાઉટીંગ પ્રવૃત્તિ ચલાવનાર શિક્ષકોની માહિતીનું પત્રક (૩) સને ૨૦૧૮-૧૯માં પ્રવૃત્તિ ચલાવનાર શિક્ષકોની સંપૂર્ણ માહિતી (૪) સને ૨૦૧૭-૧૮ની ટ્રુપના વિદ્યાર્થીઓના નામ, ધોરણ, જન્મ તારીખ તથા જી.આર. નંબર સાથેની યાદી અચૂક લેતા આવવું.

જવાબવહી લાલ પેનથી તપાસવી તથા ગુણ ચોકસાઈથી મુકવા. સફળતા મેળવેલ વિદ્યાર્થી માટે રિમાર્કના ખાનામાં 'સફળતા મળેલ છે.' તેમ લાલ પેનથી દર્શાવવું. સફળતા ન મેળવનાર વિદ્યાર્થી માટે રિમાર્કના ખાનામાં 'સફળતા મળેલ નથી.' તેમ વાદળી પેનથી દર્શાવવું.

આ પરિપત્રની નોંધ તમારી શાળાના તમામ સ્કાઉટર, ગાઈડર, કબ-માસ્ટર તથા ફલોક લીડરને લેવડાવશો.આ અંગેનાં કોઈપણ પ્રકારના માર્ગદર્શનની જરૂર પડે તો ઓર્ગે. કમિશનરશ્રી રાજેન્દ્રસિહ રાઠોડ (મો.નં.૯૭૧૨૯૪૫૫૬૧) તથા જિલ્લા મંત્રીશ્રી હાર્મોનીકાબેન શાહ(મો.નં.૯૭૧૨૯૦૭૬૮૨) નો સંપર્ક કરશો.

**નોંધ :- જે શાળાની ખરી કમાઈ જમા કરાવવાની બાકી છે તેઓએ પ્રશ્નપત્ર લેવા આવો ત્યારે પરિપત્ર નં.૧૨૩ મુજબ જમા કરાવવાની રહેશે.**

તા.૨૬-૩-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી